અપીલ અરજી નં.૨૯૦ તા. ૧૫–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મુકેશ એ. કાનુગા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશ એ. કાનુગાની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ મોજે નવા ગામ તા.ચોયાર્સી જી. સુરતના રે.સ. નં.૩૨/૨ વાળી જમીન ટીપી સ્કીમ નં.૮ ફા.પ્લોટ નં.૧૦ ની જે આપની કચેરીમાં ફાઈલ છે તે ફાલઈના પત્ર વ્યવહાર બાજુના પાના નં.૧ થી આજ દિન સુધી તમામ પાનાની પ્રમાણિત નકલની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૯૦/૨૦૧૦–૧૧

શ્રી મુકેશ એ. કાનુગાની આઈ ડી નં. ૫૩૭ તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ મોજે નવા ગામ તા.ચોયાર્સી જી. સુરતના રે.સ. નં.૩૨/૨ વાળી જમીન ટીપી સ્કીમ નં.૮ ફા.પ્લોટ નં.૧૦ ની જે આપની કચેરીમાં ફાઈલ છે તે ફાલઈના પત્ર વ્યવહાર બાજુના પાના નં.૧ થી આજ દિન સુધી તમામ પાનાની પ્રમાણિત નકલની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે માંગ્યા મુજબની માહિતી આપવામાં આવેલ નથી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૩૭ તા.૩૦–૧૧–૧૦ ના નિર્ણયથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા તથા સદર ફાઈલની હાલ દફતરી સ્થિતિ, ઉપલબ્ધતા કે નાશ નિકાલની જે વિગતો હોય તે પણ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૯૦ તા.૨૪–૧૨–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/ આ. નં.૫૩૭ તા.૪–૧–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/આ.નં.૩૨૪ તા.૨૯–૧૦–૧૦ થી વરાછાઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૦૪૬ તા.૨૬–૧૦–૧૦ થી ટાઉન પ્લાનીંગ તેમજ લીંબાયતઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૩૭ તા.૩૦–૧૧–૧૦ થી અરજદારને જવાબ પાઠવ્યાના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી મ.અધિકારી અને નગર નિયોજક અને સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૦૪૬ તા.૨૬–૧૦–૧૦ થી ટાઉન પ્લાનીંગ તેમજ લીંબાયતઝોનને તબદીલ કરેલ છે. જે ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી નં.ટીડીઓ/આ.નં.૩૨૪ તા.૨૯–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર વરાછાને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ મોજે નવા ગામ તા.ચોયાર્સી જી. સુરતના રે.સ. નં.૩૨/૨ વાળી જમીન ટીપી સ્કીમ નં.૮ ફા.પ્લોટ નં.૧૦ ની જે આપની કચેરીમાં ફાઈલ છે તે ફાલઈના પત્ર વ્યવહાર બાજુના પાના નં.૧ થી આજ દિન સુધી તમામ પાનાની પ્રમાણિત નકલની માહિતી આપવા બાબત. મુદ્દા નં(૨) ઉપરોકત સર્વે નંબર ૩૨/૨ વાળી જમીન ટીપી સ્કીમ નં.૮ ફા.પ્લોટ નં.૧૦ ની જે આપની કચેરીમાં ફાઈલ છે તે ફાઈલના પત્ર વ્યવહારના બાજુના પાનાની નં.૧ થી આજ દિન સુધીના તમામ પાનાની પ્રમાણિત નકલો આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૩૭ તા.૩૦–૧૧–૧૦ થી સર્વે નં.૩૨/૨ વાળી જમીન (ટીપી સ્કીમ નં.૮ ફા.પ્લોટ નં.૧૦) ની મિલ્કતમાં મંજુર પ્લાન અંગેની ફાઈલ હાલમાં વરાછાઝોન કચેરીએ ઉપલબ્ધ નથી જેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલ પ્રતિભાવમાં માંગ્યા મુજબની માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવી નારાજ થઈ તા.૧૫–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી સદર મિલ્કત અન્વયે ટાઉન પ્લાનીંગ કચેરીમાં કોઈ ફાઈલ કાર્યરત નથી અરજદારની અરજીનો અભ્યાસ કરતાં મિલ્કત કબ્જા ફેરફારને સબંધિત ફાઈલની વિગતો માંગવામાં આવેલ હોવાનું જણાય છે. જે બાબતે વરાછાઝોનને તબદીલ કરેલ. વરાછાઝોન તરફથી હાલમાં કચેરીએ ઉપલબ્ધ નથી જેથી માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. પરંતુ હાલમાં ઉપસ્થિત નહીં હોવાનું કારણ કે દફતરના નાશ કે નિકાલની વિગત અથવા તો તેની કાર્યવાહીની સ્થિતિની વિગતની જાણ કારી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક વિગતોમાં પણ દફતરની નાશ કે નિકાલની કોઈ વિગતો રજૂ થયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી  જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ બાબત હેઠળની  દફતરી ઉપલબ્ધ વિગતની  માહિતી અગર  દફતર ઉપલબ્ધ નહીં હોવાના કારણ અંગે  દફતરના નાશ કે નિકાલ કર્યાની હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને  જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)...જાણ તથા અમલ  માટે .
(૨) શ્રી મુકેશ અનિલકુમાર કાનુગા,